सर्वे भवन्तु सुखिनः। सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु। मा कश्चित् दुःख भाग्भवेत् ॥

Amul The Taste of India

Dudhsagar The Pride of India

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૧૦ । વર્ષ - ૩ । એપ્રિલ - ૨૦૨૪ (સળંગ અંક : ૩૪) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## કાળઝાળ ગરમીમાં સાગરની શીત લહેર

### 10 ₹ ના વધારા સાથે દૂધનો ખરીદભાવ હવે 820

**૬૫૦ થી શરૂ થયેલ દૂધયાત્રા ૮૨૦ સુધી પહોંચતા કુલ ૧૭૦ રૂપિયાનો ભાવ વધતાં ગ્રાહકોને અંદાજે વાર્ષિક ૭૨૫ કરોડ રૂપિયા વધુ મળવા પામ્યા છે આ હિસાબે ત્રણ વર્ષમાં અંદાજિત ૨૦૦૦ કરોડ રૂપિયા ગ્રાહકોને વધુ પ્રાપ્ત થયા છે.**



મહેસાણા દૂધસાગર ડેરીનો વહિવટ સંભાળ્યાના પ્રથમ દિવસથી “દૂધઉત્પાદક એ ડેરીનો અંતરઆત્મા છે અને દૂધસાગર ઉપર સૌથી પહેલો હક તેનો છે” આ સૂત્રને સંસ્થાના યશસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈ બી. ચૌધરી અને તેમના સાથી નિયામક મંડળે પોતાના શ્વાસોશ્વાસમાં સમાવી લીધો હોય તેવું સતત 13મી વાર પૂરવાર કર્યું છે. ગરમીના દિવસો શરૂ થતાં જ દૂધ ખરીદીના ભાવો વધારવાની ઉત્કૃષ્ટ પરંપરાને યથાવત રાખતાં : અગાઉ જે દૂધના ખરીદભાવ પ્રતિકીલો ફેટે 810 રૂપિયા હતા તેમાં રૂ10 નો વધુ ભાવ વધારી દૂધસાગર ડેરીએ દૂધના ખરીદ ભાવ પ્રતિકીલો ફેટે 820 રૂપિયા કરી એપ્રિલ 2024 ના હિસાબી વર્ષનું સ્વાગત કર્યું છે. આ 10 રૂ. ના વધારાથી માસિક 3.5 કરોડ અને વાર્ષિક 42 કરોડનો ફાયદો દૂધ ઉત્પાદકોને થશે.

મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા ગાંધીનગર - પાટણ અને મહેસાણા જિલ્લાના આશરે પાંચ લાખથી વધુ પશુપાલક પરિવારોને આ ભાવ વધારાનો સીધો લાભ પ્રાપ્ત થશે તેની ખૂશી વ્યક્ત કરતાં મહેસાણા દૂધ સંઘના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે : મારા સાથી નિયામક મંડળનો સતત સહયોગ અને ડેરીના ઉચ્ચ અધિકારીઓ સાથે કર્મચારીઓનો તાલમેલ આ શુભ પરિણામ આપી રહ્યો છે ત્યારે મને વિશ્વાસ છે કે આપણે બધા સાથે મળીને - આપણી દૂધસાગરને એક નવી ઉંચાઈએ લઈ જઈ ગૌરવપૂર્ણ રીતે પશુપાલક સમાજને જીવવા માટેનું એક ઉત્તમ પ્લેટફોર્મ પુરૂ પાડી શકીશું. દૂધના ભાવોમાં જરૂરીયાત પ્રમાણે - સમયાંતરે ભાવ વધારતા રહેવું અને એકવાર ગ્રાહકોને મળેલા ભાવોને કદાપી ના ઘટાડવા તેવી સ્થિરતા માટે વાતાવરણની અનુકૂળતા પણ જરૂરી હોય છે. આવા શુભ સંયોગ ઈશ્વરના આર્શિવાદ વિના શક્ય ન હોવાથી હું આ તબક્કે પરમાત્માનો પણ આભાર માનું છું.

WE ARE DUDHSAGAR

WE ARE P.M. MODI FAMILY



**વિતેલા ત્રણ વર્ષોમાં તબક્કાવાર થયેલી દૂધની ખરીદ કિંમત**

| તારીખ | ભાવ | તારીખ | ભાવ |
|---|---|---|---|
| 01/03/2021 | 670.00 | 21/10/2022 | 740.00 |
| 11/07/2021 | 680.00 | 11/11/2022 | 750.00 |
| 01/03/2022 | 700.00 | 01/01/2023 | 770.00 |
| 21/05/2022 | 710.00 | 01/04/2023 | 790.00 |
| 21/06/2022 | 720.00 | 01/06/2023 | 800.00 |
| 21/08/2022 | 730.00 | 11/07/2023 | 810.00 |

**તા.01/04/2024 થી દૂધનો ખરીદભાવ રહેશે : 820.00**

हम
मोदीजी का
परिवार है

हम
महेसाना
दूग्धसंघ है ।



ભવિષ્ય નિર્માણ

સાગર સૈનિક સ્કૂલ

# બોરીયાવી ખાતે મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલનું નિર્માણ કાર્ય શરૂ

**દેશના ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહના વરદ્હસ્તે થયું હતું ભૂમિપૂજન**

**દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી પ્રધાનમંત્રીશ્રીના આ ડ્રીમ પ્રોજેક્ટ ઉપર અંગત ધ્યાન રાખી રહ્યા છે.**

**પોતાના ફુલ ફેજમાં કાર્યરત થતાં આ સાગર સૈનિક સ્કૂલ સંપુર્ણ મહેસાણા જિલ્લાની અલગ જ ગૌરવગાથા લખશે.**





ભારત દેશના યશસ્વી વડાપ્રધાન અને વિશ્વ નેતા શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબ સમગ્ર દેશમાં ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયની સીધી નજર હેઠળ ૧૦૦ સૈનિક સ્કૂલોનું નિર્માણ થાય એ સ્વપ્નને વાસ્તવિક રૂપ આપી રહ્યા છે. જે અંતર્ગત તેઓશ્રીએ મહેસાણા દૂધસાગર ડેરી ઉપર વિશ્વાસ કરી ગુજરાતની પ્રથમ સૈનિક સ્કૂલની જવાબદારી આપણા દૂધસંઘને સુપ્રત કરેલી છે. આજથી બે વર્ષ અગાઉ આપણા મહેસાણા દૂધસાગર ડેરીના કેમ્પસમાં આ સૈનિક સ્કૂલની પ્રથમ બેચ અને આ વર્ષે બીજી બેચ ચાલુ થઈ ચૂકી છે. મહેસાણા દૂધસાગર ડેરીમાં સતત ૩૫ વર્ષ સુધી પવિત્ર વહિવટ આપનાર શ્રદ્ધેય મોતીભાઈ ચૌધરીને શ્રદ્ધાંજલિ આપવાના ભાગરૂપે સંસ્થાના વર્તમાન ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળ દ્વારા આ સાગર સૈનિક સ્કૂલને મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ નામાભિદાન કરવામાં આવ્યું હતું. ધોરણ ૬ થી ધોરણ ૧૨ સુધી આકાર લેનારી આ સૈનિક સ્કૂલના તમામ નિયમો કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળ આવતા હોઈ અનુશાસન સાથે નિયમોનું પાલન કરવાનું હોવાથી મહેસાણા દૂધસાગર ડેરી સંચાલિત સાગર સૈનિક સ્કૂલ માટે વિશાળ જગ્યાની જરૂરીયાત ઉભી થવા પામતાં સંસ્થાના હોદ્દેદારોએ ભારે વિચાર વિમર્શ અને નિષ્ણાતોની સલાહ માની મહેસાણા નજીક બોરીયાવી ગામે આપણી સંસ્થાની જૂની સાગરદાણ ફેક્ટરી જે હાલમાં બંધ હાલતમાં હોવાથી એ જગ્યાનો સદઉપયોગ કરવાનું નક્કી કર્યું. પોતાના ગામમાં આજના જમાનાની સુવિધાઓ સાથેનું જ્ઞાન મંદિર બની રહ્યું હોવાનું જાણતાં બોરીયાવી ગામના નાગરિકો પણ હર્ષ ઉલ્લાસથી આ ભગીરથ કાર્યમાં જોડાઈ ગયા અને સાગર સૈનિક સ્કૂલ વધુમાં વધુ ભવ્ય અને દિવ્ય બને તે માટે સ્વૈચ્છિક રીતે જમીનો ખુશીખુશી દૂધસાગરના ચરણોમાં સમર્પિત કરી દીધી. ત્યારબાદ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી.ભુપેન્દ્રભાઈ પટેલ તથા જગદીશભાઈ વિશ્વકર્મા, ઋષિકેશભાઈ પટેલ, બળવંતસિંહ રાજપૂત વગેરે કેબિનેટ મિનીસ્ટરોની હાજરીમાં ભારત સરકારના ગૃહ તથા સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતીમાં સૈનિક સ્કૂલની આ સુચિત ભૂમિનું પૂજન સંપન્ન કરવાનો કાર્યક્રમ યોજાયો ત્યારે દાતાઓ પણ મન મુકીને વરસ્યા અને ગણતરીની ક્ષણોમાં કરોડો રૂપિયાનું દાન સંસ્થાને પ્રાપ્ત થયું. ભારત સરકારના ગૃહ મંત્રી શ્રી. અમિતભાઈ શાહ મૂળ માણસાના વતની હોઈ મોતીબાપુના નામકરણ બદલ સંસ્થાના ચેરમેનશ્રી. તથા નિયામક મંડળને આ પવિત્ર નામ આપવા બદલ માણસાના દિકરા તરીકે સૌનો આભાર માન્યો હતો. તાજેતરમાં દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી, MD શ્રી અને ઉચ્ચ અધિકારીઓની પ્રેરક હાજરીમાં સાગર સૈનિક સ્કૂલનું નિર્માણ કાર્ય પુરજોશમાં શરૂ કરી દેવામાં આવ્યું છે.



**હું તો માણસામાં જ જન્મયો અને માણસામાં જ મોટો થયો. નાનો હતો ત્યારે બાપુજી સાથે અનેકવાર ગ્રામભારતી જવાનું થતું ત્યારે મોતીબાપુને કપડાં ધોતાં મેં સગી આંખે જોયેલા છે. આવડો મોટો જણ પતરાની ઓરડીમાં બેસી પંખા વગરના રુમમાં લોકોના દૂખ દર્દ જાણે એ કોઈ નાની મોટી વાત નથી. મોતીબાપુ જન્મ શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરુપે આ સૈનિક સ્કૂલને તેમનું નામ આપવામાં આવ્યું તેથી માણસાના દિકરા તરીકે હું દૂધસાગર ડેરીનો આભાર માનું છું.**
**(સાગર સૈનિક સ્કૂલ ભૂમિપૂજન સમારંભમાં શ્રી. અમિતભાઈ શાહના પ્રેરક શબ્દો)**

## પશુપાલકો માટે ... પશુપાલકોની સાથે દૂધસાગરની વિકાસયાત્રા અવિરત આગળ

# ભીમપુર અને જુની હડોલ દૂધમંડળીઓના નવા મકાનો પશુપાલકોના ચરણોમાં સમર્પિત





**મહેસાણા** જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં શ્રી.અશોકભાઈ ચૌધરી અને નવા નિયામક મંડળના આવાગમન બાદ ગુજરાત સરકારના સહયોગથી ગ્રામીણ દૂધ મંડળીઓમાં આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે. નવા વૈજ્ઞાનિક ધારાધોરણોને અનુરૂપ દૂધઘર અને દૂધ ગોડાઉનના નિર્માણ દૂધસંઘના ઈતિહાસમાં સૌથી તેજ ગતીએ પારદર્શક વહિવટથી આગળ વધી રહ્યા છે. આ વિકાસને અવિરત આગળ વધારતાં ગત તા.૧૫ માર્ચ અને શુક્રવારના રોજ મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાની જૂની હડોલ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ના નવિન દૂધ ગોડાઉન તથા શ્રી ભીમપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી ના નવિન દૂધઘરને પશુપાલકોના ચરણોમાં સમર્પિત કરવામાં આવ્યા હતા. બંને ગામોની દૂધ મંડળીઓને મળેલી આ સુવિધાનું લોકાર્પણ દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું હતું. મુખ્ય ઉદ્‌ઘાટક તરીકે ખેરાલુ વિધાનસભાના ધારાસભ્ય અને દૂધસાગર ડેરીના ડિરેક્ટરશ્રી. સરદારભાઈ ચૌધરી અને સમારંભના મુખ્ય મહેમાન તરીકે પાટણ લોકસભાના સાંસદશ્રી. ભરતસિંહ ડાભી, ખેરાલુ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય શ્રી. અજમલજી ઠાકોર, ખેરાલુ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ રમીલાબેન દેસાઈ અને અતિથી વિશેષ તરીકે હડોલ દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેનશ્રી. સુર્યભાણસિંહજી, સતલાસણા APMC ના ચેરમેનશ્રી. વિરેન્દ્રસિંહજી ચૌહાણ, સતલાસણા તાલુકાના પ્રમુખશ્રી. વિલાસબા ચૌહાણ, સતલાસણા ભાજપ તાલુકા પ્રમુખ શ્રી. વિનુસિંહ ચૌહાણ અને સુદાસણા APMC ના પૂર્વ ચેરમેન શ્રી. વિરેન્દ્રસિંહ પરમાર સાથે બંને ગામોના પશુપાલકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વર્તમાન દૂધસાગર ડેરીના શુધ્ધ વહિવટની પ્રશંસા કરતાં ડેરીનો વિકાસ પશુપાલકોને ધ્યાનમાં રાખી જે રીતે થઈ રહ્યો છે તે બિરદાવવા લાયક જણાવી મહેસાણા દૂધસાગર ડેરીમાં વિતેલા ૧૫ વર્ષમાં થયેલ નુકશાનની ભરપાઈ જે તેજગતિ થી થઈ રહ્યું છે તથા વિવિધ ગામડાઓની દૂધ મંડળીઓની સાથે સાથે ડેરીના વિવિધ પ્રોજેક્ટોના કામ પારદર્શિતાથી આગળ વધી રહ્યા છે તેની પ્રશંસા કરતાં દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેનશ્રી. અશોકભાઈના નેતૃત્વમાં સમગ્ર નિયામક મંડળ જે પવિત્ર ભાવથી આ સહકારી વૃક્ષનું જતન કરી રહ્યા છે તે માટે સમય તેમને સદાય યાદ રાખશે તેવું એકસૂરે જણાવ્યું હતું.

> **અશોકભાઈના નેતૃત્વમાં સમગ્ર નિયામક મંડળ જે પવિત્ર ભાવથી આ સહકારી વટવૃક્ષનું જતન કરી રહ્યું છે તે પ્રશંસનીય છે.**

## દૂધસાગર ડેરીના દૂધ જેવા શુદ્ધ વાતાવરણમાં
## ઉજવાયો MIDFT અને સૈનિક સ્કૂલનો વાર્ષિકોત્સવ



MIDFT અને મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલનો વાર્ષિકોત્સવ ગત.૪ માર્ચના રોજ ડેરીના ઓડિટોરીયમમાં દિવ્યતા અને ભવ્યતાથી ઉજવાયો હતો. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સદર કાર્યક્રમમાં બંને શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓએ પોતાના કૌશલ્યોને જાહેર મંચ ઉપરથી પ્રસ્તુત કર્યા ત્યારે ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

## અમે
મોદીજી નો
પરિવાર છીએ

## અમે
મહેસાણા
દૂધસાગર ડેરી
છીએ





# ચાલો,

## દૂધસાગર ડેરી તરીકે પાંચ લાખ પશુપાલક
## ભવિષ્યના નિર્માણ માટે તથા 2047 ના વિ
## સ્વપ્નને સાકાર કરવા એક બનીએ !!

ભારતીય જનતા પાર્ટીના એક કાર્યકર તરીકે હું તો ભારતન
વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના નેતૃત્વમાં 400 થી પણ વધુ
સરકાર રચાય અને વિશ્વના ફલક ઉપર આપણો દેશ પથદર્શકની ભૂ
શ્રીરામના ચરણોમાં પ્રાર્થના કરૂં છું, પણ આજે દૂધસાગર ડેરી અને આ ડેરી સાથે જોડાયેલા મારા લાખો લાખો પશુપાલકોને એ
લોકસભાની ચૂંટણીમાં આપણી સમજદારી - પાંચ વર્ષના ભવિષ્યને સુનિશ્ચિત કરતી હોય છે. ત્યારે દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં અ
પાટણ લોકસભા અને મહેસાણા લોકસભાના તથા વિજાપુર વિધાનસભાના ઉમેદવારોને મારા પશુપાલકો લાખો - લાખો મતોની સરસ
છું. એક સહકારી આગેવાન તરીકે મારે આપ સૌને એ વાતથી અવગત કરાવવા જોઈએ કે ; ભારત સરકારના સહકાર મંત્રાલયને સં
શાહ દ્વારા પશુપાલનને પ્રોત્સાહન આપવા AHIDF (એનિમલ હસબન્ડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફંડ) ઉભું કરી સહકાર મંત્રા
સંસ્થાઓને નવા પ્રોજેક્ટ માટે ત્રણ ટકા વ્યાજ સહાય આપવાની શરૂઆત કરવામાં આવી છે તે પશુપાલકોની સંસ્થા માટે સંજીવન
નિર્માણાધીન પાવડર પ્લાન્ટને પણ આનાથી વાર્ષિક છ થી સાત કરોડની વ્યાજ સહાય મળવાની છે. એક હિસાબે આ સમન્વયથી
કરોડ રૂપિયાનો ફાયદો થશે. કોરોના પછી વિશ્વના બજારમાં દૂધના પાવડરના ભાવ ઘટી જતાં ગુજરાત સરકાર દ્વારા પ્રતિકીલો દૂધન
રૂપિયા જે સબસીડી આપવામાં આવી તે ઓક્સિજન સમાન હતી. ગુજરાત અને દેશમાં ચાલી રહેલ ભાજપ સરકારોની અમીનજર
ઉપર રહી છે. અમારા દૂધસાગર ડેરીના આ ત્રણ વર્ષોના વહીવટ દરમ્યાન મને ભારતના વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબ, દેશ
અમિતભાઈ શાહ સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી. ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો જે સતત સહકાર મળ્યો છે તે અતુલનીય છે. પ
ડેરી - સૌની સાથે કદમતાલ મિલાવી આગળ વધી તેમાં ભાજપની આ બંને સરકારોનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે. સહ
યોજના, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યાજ સહાય યોજના, દૂધઘર યોજના, ગોડાઉન યોજના, બલ્કકુલર યોજના, ઘાસચારા બિયારણ યોજના, ર
પશુ યોજના જેવી અનેક યોજનાઓ મોદી સરકારની ખેડૂતો તથા પશુપાલકો માટે અણમોલ ભેટ છે.

આમ તો આપણે બધાએ સાથે મળી - ગુજરાતની લોકસભાની તમામે તમામ 26 સીટો - ગુજરાતના બંને પનોતા પુત્રો આ
આદરણીય શ્રી. અમિતભાઈ શાહના ખોળામાં ખૂબ જ ભાવ સાથે સમર્પિત કરવાની જ હોય !!

ભારત દેશ આજે આઝાદીના 75 વર્ષ પૂર્ણ કરી અમૃતકાળમાં પ્રવેશી ચૂક્યો છે અને 2047 માં આપણી આઝાદીને 100 વર્ષ પ
મોદી સાહેબે જે વિકસીત ભારતનું સ્વપ્ન જોયું છે તે સાકાર કરવા મોદી સાહેબની આ ત્રીજી ટર્મ મહત્વની છે. આવનારા પાંચ વર્ષો
રહેશે જે નૂતન ભારતનું નિર્માણ કરવાનો મજબૂત પાયો નાખવાનું કામ કરશે. વિકસીત ભારત એટલે શું ? દુનિયાના વિકસીત દેશ
રહેવાની તૈયારી !! મોદી સાહેબે જ્યારે 2014 માં દેશનું વડાપ્રધાન તરીકે સુકાન સંભાળ્યું ત્યારે આપણો દેશ વર્લ્ડ ઈકોનોમીમાં 11
અને દેશ પ્રત્યેના સમર્પિતભાવ ના કારણે આજે ભારત દુનિયાની પાંચમા નંબરની ઈકોનોમી બન્યો છે જે આવનાર પાંચ વર્ષમાં ત્ર
લાવવાનું મોદી સાહેબનું સ્વપ્નું છે ત્યારે સમયની આ નજાકતને પારખી 2024 ની આ ચૂંટણીમાં દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવતી
પાટણ લોકસભાના ભાજપના ઉમેદવાર શ્રી. અમિતભાઈ શાહ, શ્રી. હરિભાઈ પટેલ અને શ્રી. ભરતસિંહ ડાભી તથા વિજાપુર વિધાન
ચાવડાને ને લાખો-લાખો મતોની લીડ સાથે વિજેતા બનાવી મોદીસાહેબના હાથ મજબૂત કરીએ અને એક અર્થમાં ઉત્તમ ભારતના
તરીકે યોગદાન આપી ઉત્તર ગુજરાતના પનોતા પૂત્ર એવા આપણા શ્રી. નરેન્દ્રભાઈના ચરણોમાં તે માગે તેટલા કમળ સમર્પિત કરીએ ત

આપ સૌનો ...
અશોક બી. ચૌધરી
( ચેરમેન - મહેસાણા જિલ્લ

# ...કોના ઉજ્જવળ
# ...વિકસીત ભારતના

...ના યશસ્વી વડાપ્રધાન અને
...વિજેતા ઉમેદવારો સાથે દેશમાં
...મિકા પ્રાપ્ત કરે તેવી ભગવાન
...ક વિનંતી કરવા આવ્યો છું :
...ાવતી ગાંધીનગર લોકસભા -
...ાઈથી જીતાડે તેવી અપીલ કરું
...ભાળતા વંદનીય અમીતભાઈ
...લય હેઠળ જે તમામ સહકારી
...ી બુદ્ધીનું કામ કરશે. આપણા
...આપણી સંસ્થાને આશરે 45
...ા પાવડરની નિકાસ કરવા 50
...સતત ખેડૂતો અને પશુપાલકો
...ના ગૃહ અને સહકાર મંત્રી શ્રી.
...ૂબ ઓછા સમયમાં દૂધસાગર
...કારી ક્ષેત્રમાં માલ સ્ટોક સહાય
...ાકકટર યોજના અને દૂધાળાં

...દરણીય શ્રી. નરેન્દ્રભાઈ અને

...ૂર્ણ થશે ત્યારે પ્રધાનમંત્રીશ્રી.
...ના નિર્ણયો અત્યંત મહત્વના
...ોની હરોળમાં ગૌરવપૂર્ણ ઉભા
... મા ક્રમે હતો. અથાગ મહેનત
...ીજા નંબરની ઈકોનોમી ઉપર
... ગાંધીનગર - મહેસાણા અને
...સભાના ઉમેદવાર શ્રી. સી.જે.
... નિર્માણમાં આપણું દૂધસાગર
...ોજ વંદના !!

...ા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.)



ગેરંટીની
ગેરંટી
એટલે
મોદીજીની ગેરંટી

- રામ મંદિરનું નિર્માણ
- CAA નો અમલ
- કલમ 370 ની નાબુદી
- 5 લાખ સુધીની મફત સારવાર
- ગરીબ કલ્યાણ
- જરૂરિયાતમંદોને ઘરનું ઘર
- નારી સશક્તિકરણ



# સહકારથી સમૃદ્ધિનું સ્વપ્ન સાકાર થશે

## દૂધસાગરની તમામ 1217 દૂધ મંડળીઓના નાણાંકીય વ્યવહાર હવે સહકારી બેંકો થકી જ થશે




આઝાદીની શરૂઆતના વર્ષોમાં જ ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિના બીજ રોપાયા હતા. જે તે સમયના આપણા સહકારી આગેવાનો અને દુરંદેશી નેતાઓએ સહકારી સંસ્થાઓમાં પરસ્પર એકબીજા સાથે સહકારી - પારદર્શક વ્યવહારો થાય અને તેનો લાભ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા નાનામાં નાના માણસને મળી શકે અને કોઈ અન્ય વચેટીયાઓ ગેરલાભ ના ઉઠાવે તે માટે સજાગ હતા. સહકારી પ્રવૃત્તિ જે સાત સિધ્ધાંતો ઉપર ટકી છે તેના છઠ્ઠા નંબરનો સિધ્ધાંત "સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર"રહેલો છે. જેના કારણે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિને અન્ય રાજ્યોની સરખામણીમાં ખૂબ જ વેગ મળવા પામ્યો છે. કાળક્રમે સરકારની ઉદારીકરણની નિતીઓ બદલાતી ગઈ જેના કારણે ગુજરાતમાં અને દેશમાં પ્રાઈવેટ બેંકોના પગરણ થયા. પ્રાઈવેટ બેંકોની આધુનિકતા અને સગવડોથી લોકો અને સહકારી સંસ્થાઓ પ્રાઈવેટ બેંકો તરફ વળી જેના કારણે સહકારી સંસ્થાઓ વચ્ચે પરસ્પર સહકારની ભાવના ઓછી થવા લાગી જેનું નુકશાન સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકોને થવા લાગ્યું. પરંતુ દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના ખેડૂતોની આવક બમણી કરવા સહકારથી સમૃદ્ધિ ના સૂત્રને સાકાર કરવા ભારત સરકારમાં સૌ પ્રથમવાર અલગ સહકાર મંત્રાલય બનાવી તેના પ્રથમ સહકાર મંત્રી તરીકે સહકારી ક્ષેત્રના અનુભવી અને ગુજરાતના પનોતાપુત્ર એવા શ્રી.અમિત ભાઈ શાહ સાહેબને

> **મહેસાણા ડેરીની તમામ 1217 મંડળીઓના નાણાં મધ્યસ્થ સહકારી બેંકમાં જમા થાય તે પ્રકારનું નજીકના ભવિષ્યમાં આયોજન કરાશે**

તેની જવાબદારી સોંપી. આ દરમ્યાન મંત્રાલયની શરૂઆતમાં જ અમિતભાઈએ જોયું કે ; ગુજરાતની તથા અન્ય રાજ્યોની સહકારી સંસ્થાઓ જેવી કે ડેરીઓ, માર્કેટયાર્ડ, સુગરમિલો વગેરે સાથે જોડાયેલા લોકો નાણાંકીય વ્યવહાર ખાનગી બેંકો સાથે કરી રહ્યા છે. જેના કારણે આ ખાનગી બેંકોનો રૂપિયો અન્ય જગ્યાએ અથવા વિદેશમાં તેનો ઉપયોગ થાય છે જે સહકારની મૂળ ભાવનાને નુકશાન કરે છે. જેના કારણે, ગુજરાતની બે ડેરીઓ બનાસડેરી અને પંચમહાલ ડેરીને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરી તે ડેરીઓ દ્વારા તમામ નાણાંકીય વ્યવહારો મધ્યસ્થ સહકારી બેંક સાથે કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી જેને ખૂબ મજબૂત સફળતા મળતાં હવે આ પાયલોટ પ્રોજેક્ટને તમામ સહકારી ડેરીઓ અને સંસ્થાઓ ઉપર લાગુ કરવા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. તાજેતરમાં દૂધસાગર ડેરીના નિયામક મંડળે દેશના ગૃહ અને સહકાર મંત્રી શ્રી. અમિત ભાઈ શાહની સહકારી ચળવળને મજબૂત કરવા મહેસાણા ડેરીની તમામ 1217 મંડળીઓના નાણાં મધ્યસ્થ સહકારી બેંકમાં જમા થાય તે પ્રકારનું આયોજન કર્યું છે. જે માટે ડેરીના ચેરમેન, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેનશ્રી. વિનોદભાઈ પટેલ અને GSC બેંકના ચેરમેનશ્રી. મનોજભાઈ પટેલની નિયામક મંડળ સાથે બેઠક મળી હતી. નોંધનીય છે કે ; દૂધસાગર ડેરીની 511 દૂધ મંડળીઓના તમામ આર્થિક વ્યવહારો હાલમાં સહકારી બેંકો સાથે જ ચાલી રહ્યા છે. જે સહકારીતાને ઉજાગર કરશે.

## સવારનું દળેલું અને જવાનીનું રળેલું આજીવન કામ આવે છે

# ઉત્તમ પશુપાલન માટે ઉનાળાની વહેલી સવારનો વધુમાં વધુ સદ્‌ઉપયોગ કરો

**ડૉક્ટરની | ડાયરી**



આપણાં ગામડાઓમાં આપણા વડીલો પાસે અનેક સચોટ જૂની કહેવતો હતી : “સવારનું દળેલું અને જવાનીનું રળેલું આજીવન કામ આવે છે” આમ તો, આ કહેવત જીવનના દરેક કાર્યક્ષેત્રમાં સચોટ લાગું પડે છે. પણ દૂધસાગર પત્રિકા તરીકે આપણે પશુ માવજત અને સમૃધ્ધ પશુપાલનની વાતો કરતા હોઈએ ત્યારે આ કહેવત આ ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઉત્તમ પશુપાલન માટે આપણને ઘણું શિખવી જાય છે.

અત્યારના આ સમયમાં આખુ વિશ્વ “ગ્લોબલ વોર્મિંગ”ની સામે ઝુમી રહ્યું છે ત્યારે આવા સમયે પશુપાલકે ઉનાળામાં પોતાના મૂલ્યવાન પશુઓની સારસંભાળ રાખવી ખૂબ જ જરૂરી છે. જો પશુપાલક ઉનાળાની અસહ્ય ગરમી દરમ્યાન પોતાના પશુઓનું ધ્યાન ન રાખે તો ઉનાળાની વધુ પડતી ગરમીને લીધે પશુઓના સ્વાસ્થ્ય અને તેના ઉત્પાદન પર માઠી અસરો પહોંચે છે જે પશુપાલકોને ભારે નુકશાનકર્તા સાબિત થાય છે. સામાન્ય રીતે પશુઓના શરીરનું તાપમાન ૯૮° થી ૧૦૦° ફેરનહીટ હોય છે. પરંતુ જ્યારે વાતાવરણનું તાપમાન ૧૦૦° ફેરનહીટથી વધે તો પશુ ઉપર તેની તરતજ અસર વર્તાવા લાગે છે જેને આપણે “લૂ” લાગી એમ કહીએ છીએ. ઉનાળામાં પશુઓ માટે બને તેમ વહેલી સવારે જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરી દેવામાં આવે તે પશુ અને પશુ માલિક બંને માટે લાભકારક હોય છે.

> **ઉનાળામાં પશુઓ માટે બને તેમ વહેલી સવારે જરુરી વ્યવસ્થાઓ ઉભી કરી દેવામાં આવે તે પશુ અને પશુમાલિક બંને માટે લાભકારક હોય છે**

ઉનાળામાં સવારે ૧૧ વાગ્યાથી ભયંકર ગરમીનો પ્રકોપ શરૂ થઈ જાય છે. જે સાંજે ૫ વાગ્યા સુધી તેની પરાકાષ્ઠાએ પહોંચે છે. ત્યારે દરેક પશુપાલકે વહેલી સવારના પાંચ વાગ્યાથી સવારના ૧૧ વાગ્યા સુધીના સમયનો વધુમાં વધુ ઉપયોગ કરી લેવો જોઈએ. આ સમય દરમ્યાન ખેતરમાંથી લીલો ઘાસચારો - સુકો ઘાસચારો - પશુઓના રહેઠાણની સાફ સફાઈ - પશુઓ માટે ભરપૂર પાણીની વ્યવસ્થા - પશુઓને ઓછામાં ઓછી ગરમી લાગે તે પ્રમાણેની સુવિધાઓ અને બપોરના સમયે પશુને વણમાગ્યે એની જરૂરીયાત પ્રમાણેનો ખોરાક, પાણી અને હરવા ફરવાની વ્યવસ્થા મળી રહે તેવું આયોજન એક પ્રગતિશીલ પશુપાલક તરીકે કરી લેવી જોઈએ. સાંજના ઠંડા સમયનું પણ યોગ્ય આયોજન કરી પશુઓની રાત્રી વધુમાં વધુ સુખદાયક રહે તેવા આયોજન કરવા જોઈએ. ગરમીમાં પશુઓનો ખોરાક ઓછો થઈ જાય છે અને તેના દૂધ ઉત્પાદનમાં ભારે ઘટાડો જોવા મળે છે. ગરમીના દિવસોમાં પશુઓ વધુ સમય ઉભા રહે છે અને ઠંડીના દિવસોના પ્રમાણમાં સૂસ્ત રહે છે. તેમની શ્વાસોશ્વાસની પ્રક્રિયા ૭૦ થી ૭૫ પ્રતિમીનીટ તેજ બની જાય છે ત્યારે ઠંડું પાણી પીવામાં અને સ્નાન કરાવવામાં વપરાય તે ખૂબ જ લાભપ્રદ હોય છે. ઉનાળામાં પશુઓની રોગપ્રતિકારક શક્તિ ઘટી જતી હોય છે. જેથી લાંબા સમયથી બિમાર પશુઓનો મૃત્યુદર વધારે જોવા મળે છે. નાની ઉંમરના તથા ભારે વજનવાળા પશુઓ ઉપર ગરમીની ભયંકર અસર જોવા મળે છે. ઉનાળામાં પશુની પાણીની જરૂરીયાત ૧૦૦ થી ૧૩૦ લીટર થઈ જાય છે તેથી ઉનાળામાં પશુ પાણી વિના ના તડપે એ પહેલી પ્રાથમિકતા હોવી જોઈએ. ઠંડી અને છાંયાવાળી જગ્યા ઉનાળામાં પશુઓ માટે મંદિરથી ઓછી નથી તેના શરીર ઉપર ઠંડા પાણીનો છંટકાવ આર્શિવાદ સમાન બને છે. ઉનાળામાં પશુઓને પ્રોટિનની માત્રા વાળા ખોરાક આપવા જોઈએ. શક્ય હોય તો પશુઓના તબેલામાં ઈલેક્ટ્રિક પંખા અને પાણીના ફુવારાની વ્યવસ્થા કરવી જોઈએ. પશુઓને થોડાક છૂટા છવાયા બાંધવા જોઈએ. હવાની અવર જવર રહે તેવી તબેલાની બાંધણી અને છત ઉપર ગેલ્વેનાઈઝ પતરા હોય તો તેના ઉપર પૂળા નાખી શક્ય એટલું ઠંડકનું વાતાવરણ ઉભુ કરવું જોઈએ.





આ વખતે 400 પાર

દૂધસાગરના સપનાંઓ થશે સાકાર
ફરી એકવાર બનશે મોદી સરકાર


# દૂધસાગરનું સ્થાનિક વેચાણ એની ઐતિહાસીક સપાટીએ

**સહકારથી સમૃદ્ધિ**





**દૂધસાગરના સ્થાનિક બજાર વેચાણ માટે શહેરી વિસ્તારમાં આપણી પાસે 111 ડિલર અને ગ્રામીણ વિસ્તારમાં 60 ડિલર મળી કુલ 171 વિતરકો કામ કરી રહ્યા છે. આ લોકોએ વર્ષ 2020-21 ની સરખામણીમાં ચાલુ વર્ષ 2023-24 માં દૂધના વેચાણમાં 24%, છાશના વેચાણમાં 47% અને દહીંના વેચાણમાં 146% વધારો કરી ખાનગી ડેરીઓ ઉપર વ્રજઘાત કર્યો છે. જેનો સીધો ફાયદો દૂધસાગરના સભાસદોને થશે.**

**પાંચ લાખ દૂધસાગરના પશુપાલકોનો પરિવાર એટલે મોદીજી નો પરિવાર**



વર્ષ 2019-20 દરમ્યાન દૂધસાગર ડેરીના ગ્રાહકોને દૂધના પોષણક્ષમ ભાવો ના મળવાને કારણે આપણા વિસ્તારમાં ખાનગી ડેરીઓએ પગ પેસારો કર્યો હતો. આ ડેરીઓ આપણા જ પશુપાલકો પાસેથી દૂધ ખરીદી કરી તેના વિવિધ ઉત્પાદનો અને પાઉચ પેકીંગ કરી આપણા જ વિસ્તારમાં તે માલનું વેચાણ કરી ઓછા ખર્ચે વધુ નફો મેળવવાના ગોરખધંધાને મજબૂતાઈથી ચલાવી રહી હતી. દૂધસાગર ડેરીમાં સત્તા પરિવર્તન બાદ નિયામક મંડળની સીધી સૂચનાથી સ્થાનિક બજારમાં દૂધસાગર ડેરીના ઉત્પાદનોનું વધુમાં વધુ સ્થાનિક વેચાણ મજબૂત બને તે દિશામાં ડેરીનો સેલ્સ વિભાગ કામ કરવા લાગ્યો અને ડિલરોની સંખ્યા વધારવાની સાથે - તેમના પ્રતિભાવ - વન ટુ વન બેઠકો અને સામૂહિક ચિંતન બેઠકોનું સમયાંતરે આયોજન કરવામાં આવ્યું. જેમાં બજારની શું માંગ છે ? અને સરળતાથી ગ્રાહક સુધી કેમ પહોંચી શકાય ? તેના વૈજ્ઞાનિક આત્મમંથન થયા જેના પરિણામે છેલ્લા ત્રણ વર્ષમાં મોબાઈલ ઓર્ડરિંગ સિસ્ટમ, ડિપોઝીટ ઉપર વ્યાજ, પેમેન્ટ ઓટોમેશન, ગ્રામ્ય વિસ્તારોમાં દૂધ - છાશ - દહીંની વિતરણ વ્યવસ્થા, નવીન પ્રોડક્ટ્સ જેવી કે ટી-સ્પેશિયલ દૂધ, પનીર - અમુલ ટ્રુ - અમૂલ મોતી - અમૂલ લસ્સી અને સાગર સત્વ નામની ખાટી છાશનો ઉપયોગ કરાયો. સાગર સ્ફૂર્તિમાં 30 નંગનું બોક્સ પેકિંગ, અમૂલ SNT માં ઈન્સેટિવ સ્કીમ, ડેબિટ ક્રેડિટ નોટ - દૂધનુ બિલ ઓનલાઈન, દૈનિક ધોરણે ભાડાની ચૂકવણી, જાહેરાતો માટે સુવિધાઓ અને સેલ્સ ટીમ દ્વારા દૈનિક બજારની મૂલાકાત કરવામાં આવતાં વિતેલા ત્રણ વર્ષોમાં દૂધસાગરના સ્થાનિક વેચાણે વિક્રમ જનક પડકારો ઉપર ફતેહ કરેલ છે.

**છેલ્લા ચાર વર્ષમાં થયેલ દૂધ-છાશ-દહીંના દૈનિક વેચાણની માહિતી**

| વર્ષ | દૂધ(પાઉચ) | છાશ(પાઉચ) | દહીં(પેકિંગ) |
|---|---|---|---|
| 2020-21 | 199997 | 74571 | 2964 |
| 2021-22 | 216091 | 85991 | 4209 |
| 2022-23 | 232528 | 96555 | 5980 |
| 2023-24 | 248148 | 107768 | 7250 |
| વેચાણ વધારો (ટકાવારીમાં) | 24% | 47% | 146% |

આ સાથે દૂધસાગર ડેરી દ્વારા સ્થાનિક બજારમાં આ વર્ષથી પનીરનું વેચાણ પણ શરૂ કરવામાં આવ્યું છે જે પ્રતિદીન હાલમાં ૪૫ કિલો વેચાય છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા